# ગાંધીનગર ગણેશ ભક્તિનો રંગ જામ્યો : શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યું

## બેન્ડની સૂરાવલી, આતશબાજી અને ગુલાલની છોળો વચ્ચે બાપા મોરિયાના નાદથી માર્ગો ગુંજી ઉઠ્યા

ગાંધીનગર, તા. ૧૯


ગાંધીનગરમાં ભગવાન ગણેશજીની ભક્તિ-આરાધના પર્વની રંગેચંગે શરૂઆત થઈ ગઈ છે. શહેરના સેક્ટરોમાં દુંદાળા દેવના મંગલકારી પર્વને વધાવવા આજે ગણપતિ બાપ્પા મોરિયાના જયનાદ સાથે ભવ્ય શોભાયાત્રાના નીકળી હતી. વિઘ્નહર્તાની દિવ્ય મૂર્તિની સાથે બેન્ડવાજા, આતશબાજી વચ્ચે ઉડતી ગુલાલની છોળો વચ્ચે શ્રીજીની શોભાયાત્રામાં નગરજનો ભક્તિરંગે રંગાયા હતા. શહેમાં આ વખતે ગણેશોત્સવના પર્વનો ઉમળકો કાંઈક અલગ જ છે. ગણેશોત્સવ અન્વયે વિવિધ સમિતિઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે.



શહેરમાં ગણેશોત્સવના પ્રારંભે નગરજનોમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળી હતી. ગણેશોત્સવના આયોજકો દ્વારા આજે ગણેશ ચતુર્થીના પાવન પર્વે શ્રીજીની ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. સે. ૧૬ સોમનાથ મહાદેવ આયોજિત ગણેશોત્સવ અન્વયે આજે સવારે ચ-૩ કોર્નર નજીક સ્થિત સોસાયટીમાં વિક્રાંતભાઈ પૂરોહિતના નિવાસસ્થાનેથી ભગવાન ગણેશજીની શોભાયાત્રા નીકળી હતી. બેન્ડવાજાની સૂરાવલી અને આતશબાજી સાથે પ્રારંભાયેલી યાત્રા ચ-૩ થી ઘ-૩ પહોંચી હતી. આ દરમિયાન સે. ૭ના રહીશોએ યાત્રાનું સ્વાગત કર્યું હતું. વાહનોના કાફલા સાથે નીકળેલી શોભાયાત્રામાં શાળાની વિદ્યાર્થિનીઓ પણ જોડાઈ હતી. બાપા મોરિયાના જયઘોષ સાથે ચ-માર્ગ પર આગળ વધતી શ્રીજીની યાત્રાનું રૂટમાં સ્વાગત કરાયું હતું. ત્યારબાદ સે. ૧૬માં પણ વેપારીઓ દ્વારા ભગવાનની પૂજા-આરતી કરવામાં આવી હતી. શોભાયાત્રા સોમનાથ મહાદેવ



પહોંચતા ભાવિકોએ આતશબાજી કરી ગરબાની રમઝટ બોલાવી હતી. શોભાયાત્રામાં બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ, કે.બી. વ્યાસ, કૈનૈયાલાલ પંડ્યા, મુંજાલ રાવલ, કેતન વ્યાસ, ક્રિશ્ના રાવલ તેમજ સી.એલ. મહેતા સહિત સમાજના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા. સે. ૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા પણ સતત ૪૩મા વર્ષે ગણેશોત્સવની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે આજે સવારે સે. ૨૭માં સુખલાલ ડી. ભોયેના નિવાસસ્થાનેથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. બાપા મોરિયાના ધાર્મિક સૂત્રોચ્ચાર સાથે ભગવાન ગણેશજીની પૂજા અર્ચના બાદ યાત્રા રૂટ પર આગળ વધી હતી. યાત્રા દરમિયાન લેઝીમના પ્રયોગ, બેન્ડની સૂરાવલી અને આતશબાજીએ આકર્ષણ જણાવ્યું હતું. સે. ૨૭થી, આર્યસમાજ મંદિર, સે. ૨૩ સ્વામિનારાયણ



મંદિર અને શોપીંગ સેન્ટર થઈ યાત્રા સે. ૨૨ રંગમંચ પહોંચી હતી. રૂટમાં સ્થાનિક રહીશો અને વેપારી અગ્રણીઓ દ્વારા શોભાયાત્રાનું સ્વાગત કરાયું હતું. કલરફૂલ છત્રી નીચે બિરાજમાન શ્રીજીની મૂર્તિનું સ્થાપન કરી પૂજા અર્ચના કરવામાં આવી હતી. શોભાયાત્રામાં સમિતિના પ્રમુખ નિશિત વ્યાસ, અરૂણ બૂચ, ધૈર્યસિંહ મોહીતે, નરેન્દ્રસિંહ ઝાલા, પ્રવિણ બાલપાંડે તેમજ ચેતના બુચ સહિતના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. સે. ૬ ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા બપોરે સે. ૬-સી ખાતેથી શીતલ પટેલના નિવાસસ્થાનેથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. નિયત રૂટમાં ભગવાન ગણેશજીની યાત્રા આગળ વધી સે. ૬ ભુવેનેશ્વર મહાદેવ પહોંચી હતી. જ્યાં પૂજા અર્ચના સાથે વિઘ્નહર્તાની સ્થાપના કરવામાં આવી હતી. સે. ૨માં પણ બાબુભાઈ પટેલના નિવાસસ્થાનેથી શ્રીજીની યાત્રા યોજવામાં આવી હતી. ગણેશ ચોક ખાતે વૈવિધ્યસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના સેક્ટરોમાં ગણેશોત્સવની ઉજવણીનો અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## બે વર્ષના અંતે પણ મહાનગરપાલિકાને ગ્રાન્ટ ફાળવવામાં સરકારનો અન્યાય

### કેન્દ્ર સરકારના અન્યાયના ગાણા ગાતી સરકાર વિપક્ષની નગરપાલિકાને ગ્રાન્ટ કે મહેકમ ફાળવતી નથી

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતને કેન્દ્ર સરકાર અન્યાય કરે છે તેવા ગાણા ગાતી સરકાર મહાનગરપાલિકાને બે વર્ષના અંતે પણ મહેકમ કે ગ્રાન્ટ ફાળવતી ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. ચૂંટણી વેળાએ કરોડોની ગ્રાન્ટ આપવાની વાત પણ વિસરાતા નગરના સ્થાનિક રહીશો યોગ્ય સેવાઓથી વંચિત રહ્યા હોવાનો આક્રોશ સેવાઈ રહ્યો છે.

સે. ૮ વસાહત મંડળના પ્રમુખ રમણભાઈ મકવાણાએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને અન્યાય થતો હોવાની રોજબરોજ પોકાર પાડી રહી છે ત્યારે ગાંધીનગરમાં કોંગ્રેસ શાસિત નગરપાલિકાને બે વર્ષના અંતે મહેકમ અને ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી. મહાનગરપાલિકાની ચૂંટણી વેળાએ કરોડોની ગ્રાન્ટ આપવાની મુખ્યમંત્રીની જાહેરાતનું ચૂંટણી પરિણામ બાદ સૂરસૂરીયું થઈ ગયું છે. નગરની પ્રજા વેટના ૩૦ ટકા લેખે પેટ્રોલ-ડીઝલ વગેરેની ખરીદી ઉપર દર મહિને ૪૦ થી ૫૦ લાખ રૂપિયા સરકારને આપે છે. આ ઉપરાંત કર્મચારીઓ વ્યવસાય વેરા પેટે પણ લાખો ચુકવે છે. આમ છતાં મહાનગરપાલિકાને ગ્રાન્ટ આપવામાં નન્નો ભણી દેવાય છે. જ્યારે અમદાવાદ જેવા શહેરોમાં વિકાસ કામો માટે કરોડોની રકમ ફાળવવામાં આવે છે. વિપક્ષ શાસિત નગરપાલિકાને અન્યાય થતો હોવાનો સૂર પ્રબળ બન્યો છે. જ્યારે સરકારની આ બેધારી નીતિ સામે સે. ૮ના રહીશોએ આક્રોશ વ્યક્ત કર્યો છે. જ્યારે મિલકત વેરામાંથી મુક્તિ આપવા પણ પ્રબળ માંગ કરી છે.

## સચિવાલયમાં પ્રવેશતા જ હવે મુલાકાતીઓએ પોતાના હથિયાર જમા કરાવવા પડશે

### સચિવાલય-વિધાનસભા સંકુલ આખુ કેમેરામાં કેદ થાય તેવી સઘન સુરક્ષા ગોઠવાશે : સ્પીડમાં આવી જતા વાહનો રોકવા હર્ડલ્સ મુકાશે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યના પાટનગરમાં સ્થિત વિધાનસભા તથા સચિવાલય સંકુલમાં સુરક્ષા અર્થે લગાડાયેલા કેમેરા ઉપરાંત હવે આખુય સંકુલ કેમેરામાં કેદ થઈ જાય તેવી વ્યવસ્થા ગોઠવી સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવાશે. તે ઉપરાંત મુલાકાતીઓ પૈકીના હથિયાર પરવાના ધારકોએ પોતાના હથિયાર પણ હવે સલામતિના ભાગરૂપે સચિવાલયની સલામતિ શાખામાં જમા કરાવવા પડશે.

વી.વી.આઈ.પી.ની સતત અવર-જવર ધરાવતું સચિવાલય તથા વિધાનસભા હવે લોખંડી સુરક્ષા વ્યવસ્થા હાંસલ કરે છે. હાલની પરિસ્થિતિ પ્રમાણે સચિવાલયના મુખ્ય ગેટ પર સીસી ટીવી કેમેરા લગાડાયેલા છે. તે વધારીને હવે સચિવાલયના તમામ ખૂણે ખૂણે કેમેરામાં કેદ થાય અને દરેક હિલચાલ કે હરકત પર નજર રહે તે પ્રકારે સીસી ટીવી કેમેરા ગોઠવી આખુય સંકુલ કેમેરામાં કેદ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પુરપાટ ઝડપે કોઈ વાહન અંદર ઘુસી આવવાનો પ્રયત્ન કરે તો તેને રોકવા માટે પણ અલગ વ્યવસ્થા કરવામાં આવશે. આવા સંજોગોમાં ગાડીને રોકવા લોખંડના હર્ડલ્સ મુકાશે જે રસ્તા પર ઓટોમેટીક ઉભા થઈ જશે અને સ્પીડમાં નિકળેલી ગાડીએ ફરજીયાત થોભવું પડશે. હાલના તબક્કે કોઈપણ હથિયાર પરવાના ધરાવતા મુલાકાતી સચિવાલયમાં આમતેમ ફરી શકે છે પરંતુ પોલીસ સિવાય કોઈ પણ અન્ય વ્યક્તિ આ પ્રકારે હથિયાર લઈને અંદર ફરી શકે નહી તેવી વ્યવસ્થાનાં ભાગરૂપે સલામતિ શાખામાં હથિયાર જમા કરાવા ફરજીયાત બનાવી દેવામાં આવશે. મુલાકાતી પરત ફરે ત્યારે હથિયાર પણ તે જ સમયે પરત આપી દેવાશે. તે ઉપરાંત સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવા માટે સચિવાલયમાં મોબાઈલ સ્કેનર ઉપરાંત આર.એફ.આઈ.ડી. સિસ્ટમ પણ એક્ટીવ કરવા વિચારણા ચાલી રહી હોવાનું જિલ્લા પોલીસ અધિક અર્ચના શિવહરે એ જણાવ્યું છે.

## આજે પેથાપુરમાં સ્વપંચ ઋષિની શોભાયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે ગાંધીનગર જિલ્લા વાલ્મિકી વિકાસ મંડળ, પેથાપુર સમિતિ દ્વારા આજે તા. ૨૦મી સપ્ટેમ્બર-૨૦૧૨ને ગુરુવારે ઋષિ પંચમી નિમિત્તે શ્રી સ્વપંચ ઋષિ બાપાની શોભાયાત્રા કાઢવામાં આવશે.

પૂજ્ય સ્વપંચ ઋષિ બાપાની ૧૮મી શોભાયાત્રા પેથાપુર ગામના હિરાબા ટાવર, ઋષિવાસ ખાતેથી બપોરે ૧.૩૦ કલાકે પ્રસ્થાન કરશે અને સમગ્ર નગરમાં ૬.૩૦ વાગ્યા સુધી ફરશે. આ પ્રસંગે ગામના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે. વાલ્મિકી સમાજના ભાઈ બહેનોને આ શોભાયાત્રામાં પધારવા ગાંધીનગર જિલ્લા વાલ્મિકી વિકાસ મંડળના પ્રમુખ ગજેન્દ્રભાઈ વાઘેલાએ ખાસ જણાવ્યું છે.

## આજે આર્ટ ઓફ લીવીંગ દ્વારા સત્સંગ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગરના સેકટર-૬-ડી ખાતેના ભુવનેશ્વર મહાદેવ તીર્થ ખાતે આજે ૨૦મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ જ્ઞાન-ભજનીનો મહાસત્સંગ કાર્યક્રમ યોજાશે. સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ સે-૬ના સૌજન્યથી આર્ટ ઓફ લીવીંગ, ગાંધીનગર પરિવાર તરફથી યોજાનાર મહાસત્સંગના કાર્યક્રમમાં મિહિરભાઈ તથા વૃંદ ઉપસ્થિત રહી રાત્રે ૮.૩૦ કલાકે મનમોહક ભજનોનો આસ્વાદ કરાવશે.

## સેક્ટર-૩-બી નવરાત્રી સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર શહેરના સેક્ટર-૩-બી નવરાત્રી ચોક ખાતે નવરાત્રી મહોત્સવ સમિતિની બેઠક ૨૧ સપ્ટેમ્બર શુક્રવારના રોજ રાત્રે ૯ કલાકે મળશે. બેઠકમાં દરેક વસાહતી ભાઈ-બહેનો હાજર રહેવા નવરાત્રી મહોત્સવ સમિતિએ અનુરોધ કર્યો છે.

## સે-૨૯માં સી.એ.ના મકાનમાંથી દાગીના મળી ૫૭ હજારની ઘરફોડ

### મધરાત્રે તસ્કરો બારીના સળીયા વાળીને મકાનમાં ઘુસ્યા હતા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૯, ઘ-૬ સર્કલ નજીક રહેતા સી.એ.ના મકાનમાં ગત રાત્રીએ તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. તેમના મકાનની બારીના સળીયા વાળીને તસ્કરો મકાનમાં ઘુસ્યા અને સોનાની બુટ્ટી તથા રોકડ રૂ. ૫૫ હજાર મળીને કુલ રૂ. ૫૭ હજારની મત્તાની ઘરફોડ કરી તસ્કરો ફરાર થઈ ગયા હતાં. આ બનાવ અંગે સી.એ.ની ફરિયાદના આધારે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨૯માં પ્લોટ નં. ૨૮૯, ઘ-૬ સર્કલ નજીકના મકાનમાં રહેતા મનોજ હરીવદન લેકીનવાલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. ગત રાત્રીના સમયગાળામાં તેમના મકાનમાં તસ્કરો હાથફેરો કરી ફરાર થઈ ગયા હતાં. રાત્રીના ૧ વાગ્યાથી સવારે ૬.૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાનમાં ત્રાટકેલા તસ્કરો તેમના મકાનની બારીના સળીયા વાળીને મકાનમાં ઘુસ્ય હતા અને અંદર પ્રવેશીને તિજોરીમાંથી રૂ. ૨ હજારની કિંમતની સોનાની બુટ્ટીની જોડ તથા કબાટમાં મુકેલા રૂ. ૫૫ હજાર રોકડાની ચોરી કરી કુલ રૂ. ૫૭ હજારનો મુદ્દામાલની તસ્કરી કરી રફુચક્કર થઈ ગયા હતાં. આ બનાવ અંગે સવારે મકાન માલિકને જાણ થતા તેમણે તાત્કાલિક પોલીસને બોલાવી લીધી હતી. સે-૨૧ પોલીસમથકના પી.એસ.આઈ. આર.આર. રાઠવા ડોગ સ્કવોર્ડ તથા ફીંગર પ્રીન્ટ નિષ્ણાંતની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વૈજ્ઞાનિક ઢબે તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.





ગુજરાત રાજયમાં રાજય વિધાનસભાની આગામી ચૂંટણી ૨૦૧૨ની ચૂંટણીના રંગતરંગના પડઘમનો અણસારમાં રાજકીય પક્ષો, આગેવાનો, કાર્યકરો તથા આમ જનતામાં ચૂંટણીના ચક્રાવોનો ધમધમાટ આરંભાઈ ચુકયો છે. અત્યારથી અનેક આકર્ષણોની જાહેરાતો તથા યોજનાઓ દ્વારા વણથંભી વચનોની લ્હાણીનો શુભારંભ થઈ રહ્યો છે. કેટલે અંશે સફળ નીવડશે તે સમય સુચવશે! દલા તલવાડીની વાર્તા મુજબ લોકોને લોભ-લાલચનો આશરો લઈ અનેક યુકિત પ્રયુકિત આદરવા ચૂંટણી રસિયા કિમિયા અજમાવવામાં ગતિમાન બન્યા છે. જયારે ઘરનું ઘર યોજના હેઠળ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ આયોજન ફોર્મ વિતરણનો કાર્યક્રમ યોજાતાં સારો પ્રતિસાદ મળતાં રાજકીય રસિયા ખરા ગેલમાં આવી ગયા હતા. આમ ચિલોડા ખાતે યોજાયેલ ફોર્મ વિતરણ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉમટી પડતાં કંઈક અનેરો ઉત્સાહ જણાયો હતો. મહિલાઓ દ્વારા ફોર્મ મેળવવા ભારે ધસારો થતાં કેટલીક મહિલાઓ ફોર્મ મેળવવામાં વંચિત રહી હતી ત્યારે બીજા દિવસે ફોર્મ મળશે તેવી હૌયાધારણ આપી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા તથા તાલુકા કક્ષાના કોંગ્રેસ સમિતના હોદેદારોમાં જશુભા રાણા, સેંધાજી ઠાકોર, બાબુજી ઠાકોર, જુગાજી ઠાકોર, મહોબતજી ઠાકોર, અરવિંદસિંહ સોલંકી, હીનાબેન પટેલ, દિલિપભાઈ ચૌધરી, પ્રહલાદજી ઠાકોર તથા ચિલોડા ગ્રામ પંચાયતના યુવા સરપંચ સવાજી ઠાકોર, ડે. સરપંચ જગદીશભાઈ પટેલ, ગ્રામપંચાયતના સદસ્યો, ગામના અગ્રણી આગેવાન યાકુબભાઈ મનસુરી, રમણભાઈ રાવલ વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી ફોર્મ વિતરણની કામગીરીમાં સહયોગી બન્યા હતાં. આ ઉપરાંત ફોર્મ વિતરણ કાર્યક્રમ ચિલોડા બાદ મહુન્દ્રા, ગિયોડ, જાખોરા તથા ઈસનપુર મોટા ખાતે યોજાયો હતો. આમ ફોર્મ વિતરણ અંગે ગ્રામકક્ષાએ રાજકીય આગેવાનોમાં અનેક તર્કવિતર્કો એ ચર્ચાનું જોર પકડયું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૯

સૂર્યાસ્ત : ૬.૩૮

### તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે. લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

મોસમ કુલ વરસાદ : ૭૦૬ એમ.એમ.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૭૦ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
બર્ફી: ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
રાઝ-૩ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
રાઝ-૩ ૧૦.૦૦, ૧૦.૦૦
એક થા ટાઈગર : ૧૨.૩૦
જીના હૈ તો ઠોક ડાલ : ૩.૦૦, ૭.૪૫
કયામત રહી કયામત : ૫.૧૫

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ (૨ડી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦,૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
જીના હૈ તો ઠોક ડાલ : ૯.૦૦, ૫.૩૦
બર્ફી : ૧૧.૩૦, ૮.૩૦
એક થા ટાઈગર : ૨.૩૦

**સૂર્યા, વાવોલ**

એક થા સૉલજર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાજણ મને તમારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૧૦.૩૦, ૧.૧૫, ૨.૦૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ : ૧૧.૧૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લવ સૅક્સ એન્ડ મલ્ટીપ્લેક્ષ: ૧૦.૪૫, ૧૦.૧૫
જીના હૈ તો ઠોક ડાલ : ૧.૩૦, ૭.૩૦એ
બર્ફી : ૫.૦૦

**ચિરાગ, કલોલ**

સાજણ તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ધાર્મિક**

- ગણેશ મહોત્સવ નિમિતે શ્રી ગણેશ મહોત્સવ સમિતિ તથા શ્રી સોમનાથ મહાદેવ મંદિર સમિતિ દ્વારા સોમનાથ મહાદેવ મંદિર સેકટર -૧૬ ખાતે મંદિરના પરિસરમાં રાત્રે ૯.૦૦ કલાકે, સંતવાણી.
- ગણેશ મહોત્સવ નિમિતે ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવ ભુવનેશ્વર મંદિર, સેકટર-૬/ડી, ખાતે રાત્રે ૯.૦૦ કલાકે, આર્ટ ઓફ લિવીંગ દ્વારા સત્સંગ.
- ગણેશ મહોત્સવ નિમિતે શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સેકટર -૨૨ના રંગમંચ ખાતે શ્રી અરવિંદ કેન્દ્ર, સે.-૨૩ના ઉપક્રમે ભરતનાટ્યમ સ્કુલની વિદ્યાર્થીનીઓ દ્વારા ભજનો-ગીતો પર આધારીત નૃત્ય કાર્યક્રમ 'આંગીકમ' રાત્રે ૯.૦૦ કલાકે.

### આપની આજ

**મેષ** : આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

**વૃષભ** : વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી મળેલી નિરાશાને હાવી થવા દેશો નહિ.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્દભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.વ્યાપારમાં નવા અને લાભદાયક કરાર થઈ શકે છે.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

### ચિરવિદાય

- સ્વ. ઉર્મિલાબેન શંકરભાઈ પટેલ (ઉ.વ.૭૭), પ્લોટ નં.૨૫૮/૧, નવરત્ન સોસાયટી, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. ભગવતીબેન દશરથભાઈ ધોલી, (ઉ.વ.૫૦),એમ-૧૦/૧૧૨, શિવમ એપાર્ટમેન્ટ, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. પૂજીબેન સોનાથી ઠાકોર, (ઉ.વ.૭૫) મુ.પો. મહુન્દ્રા, તા., જિ.ગાંધીનગર.
- સ્વ. રૂખીબેન ધુળાજી વાળંદ(ઉ.વ.૭૦)મુ.પો. મોટી શિહોલી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સ્વામીનાથ હરીરાય ચૌધરી(યાદવ)(ઉ.વ.૧૯), મુ.પો. મુંદ્રીરા, તા. ભગવાનપુરા હાટ, જિ. શિવાન, બિહાર